# પ્રેસ નોટ

- ## આચાર્ય ભરતી:

➢ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતીની કુલ–૯૦૦ જગ્યાઓ માટે તા.૦૧/૦૮/૨૦૨૪ના રોજ જાહેરાત આપવામાં આવેલ.

➢ સદર જાહેરાત અન્વયે કુલ–૧૨૦૯ અરજી મળેલ જેનું મેરીટ લિસ્ટ તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવેલ.

➢ તા.૦૩/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ સુધી ઇન્ટરવ્યું પ્રક્રિયાનું આયોજન કરવામાં આવેલ.

➢ ઇન્ટરવ્યું પૂર્ણ થયા બાદ પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂક પત્ર આપવામાં આવેલ છે. જેઓની તા.૧૭/૦૨/૨૦૨૫ થી તા.૨૬/૦૨/૨૦૨૫ સુધીમાં શાળામાં હાજર થવાની કાર્યવાહી ચાલુ છે.

- ## જૂના શિક્ષક ભરતી:

➢ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૦૦૦ એમ કુલ–૪૦૦૦ જૂના શિક્ષક ભરતીની જાહેરાત તા.૦૧/૦૯/૨૦૨૪ના રોજ જાહેરાત આપવામાં આવેલ.

➢ સદર જાહેરાત અન્વયે કુલ–૪૫૩૨ અરજી મળેલ જેનું મેરીટ લિસ્ટ તા.૧૨/૦૨/૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ.

➢ ઉમેદવારો માટે તા.૧૨/૦૨/૨૦૨૫ થી તા.૧૯/૦૨/૨૦૨૫ દરમિયાન શાળા પસંદગીનો તબક્કો પૂર્ણ થયેલ છે.

➢ ટૂંક સમયમાં શાળા ફાળવણી અને નિમણૂક હુકમની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

- ## શિક્ષણ સહાયક– સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક ભરતી:

➢ રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૬૦૮ અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૪૮૪ એમ કુલ–૪૦૯૨ શિક્ષણ સહાયક ભરતીની જાહેરાત તા.૨૫/૦૯/૨૦૨૪ના રોજ જાહેરાત આપવામાં આવેલ.

➢ સદર જાહેરાત અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૨૫૫૭ અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૩૨૯૨ અરજીઓ મળેલ.

➢ સદર ઉમેદવારોનું જનરલ મેરીટ લિસ્ટ તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવેલ.

➢ સરકારી ઉચ્ચતર માધ્યમિક ભરતી માટે તા.૧૦/૦૩/૨૦૨૫ સુધીમાં તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક ભરતી માટે તા.૨૫/૦૩/૨૦૨૫ સુધીમાં ડૉક્યુમેન્ટ વેરીફીકેશન લિસ્ટ જાહેર કરવામાં આવશે. તેમજ એપ્રિલ માસના અંત સુધીમાં સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

- ## શિક્ષણ સહાયક– સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક ભરતી:

➢ રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં ૧૨૦૦ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨૩૧૭ એમ કુલ–૩૫૧૭ શિક્ષણ સહાયક ભરતીની જાહેરાત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ જાહેરાત આપવામાં આવેલ.

➢ સદર જાહેરાત અન્વયે સરકારી માધ્યમિક શાળાઓ માટે ૨૩૪૮૬ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ માટે ૨૪૨૫૧ અરજીઓ મળેલ.

➢ સદર ઉમેદવારોનું જનરલ મેરીટ લિસ્ટ તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવેલ.

➢ સરકારી માધ્યમિક ભરતી માટે તા.૧૫/૦૩/૨૦૨૫ સુધીમાં તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક ભરતી માટે તા.૩૦/૦૩/૨૦૨૫ સુધીમાં ડૉક્યુમેન્ટ વેરીફીકેશન લિસ્ટ જાહેર કરવામાં આવશે. તેમજ એપ્રિલ માસના અંત સુધીમાં સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.